| | |
|---|---|
| | રજુ તારીખ : ૦૬–૦૩–૨૦૨૬<br>દાખલ તારીખ : ૦૬ –૦૩ –૨૦૨૬<br>ફેંસલ તારીખ : ૧૨ – ૦૩ –૨૦૨ ૬<br>અવધિ : દિવસ માસ વર્ષ |
| | |

**ફોજદારી પરચુ.અરજી નં.૧૭૪/૨૦૨૬.**

આંક–

## જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. જુનાગઢ.

**અરજદાર** **અયાન ઉર્ફે પાંચીયો અમીનભાઇ મુળીયા,**
ઉ.વ. ૨૬, ધંધો–વેપાર
રહે. હેઠાણ ફળીયુ, જુના સરકારી દવાખાના પાસે,
જુનાગઢ.
હાલ: જિલ્લા જેલ, જુનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** ધી સ્ટેટ ઓફ ગુ જ રા ત

---

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ : શ્રી આર.ડી.ઠાકર
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. : શ્રી ડી.સી.ઠાકર

---

**વિષય : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ મુજબ વચગાળાની જામીન અરજી.**

**–: ઠ રા વ :–**

**(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :**

**૧.૧** આ કામમાં જે એફ.આઇ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે

'' આ ગુનાની હકીકત એવી છે કે, ''આ કામના ફરીયાદીને આ કામના સાહેદ મયુરસિંહ સોલંકી એ રોકડા રૂપીયા ૨૬,૮૦,૦૦૦/- નુ જુનાગઢમાં આંગડીયુ કરવા આપેલ હોય, જે રૂપીયા લઈ ફરીયાદી આ કામના આરોપી નંબર (૧) સાથે આંગડીયુ કરવા ગયેલ હોય, અને સાહેદે આંગડીયુ કરવાની ના પાડેલ ત્યાર બાદ તે રૂપીયા લઈ ફરીયાદી આરોપી નંબર (૧) ના મિત્ર સાથે પરત આવતા હતા ત્યારે આરોપી નંબર (૧) નાએ મોકલેલ તેના મિત્રો આ કામના આરોપીઓ નંબર (૨) તથા (૩) નાએ ફરીયાદી પાસે રહેલ રોકડા રૂપીયા ભરેલ થેલો આરોપી નંબર (૩) નાએ ફરીયાદીના ગળાના ભાગે છરી રાખી, ઈજા કરી, મારી નાખવાની બીક બતાવી આરોપી નંબર (૨) નાએ રૂપીયા ભરેલ થેલાની લુટ કરી નાશી જઈ, આરોપીઓએ સંગઠીત થઇ એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલાનો બનાવ બનેલ છે.

**૧.૨** ઉપરોકત હકીકતના આધારે જુનાગઢ 'એ' ડીવીઝન પો. સ્ટે. ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૪૦૧૦૩૨/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૧, ૧૧૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ છે અને આરોપી તે ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળ દિન-૩૦ ના ટેમ્પરરી જામીન મળવા અરજી કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''**૨.૧** હાલની જામીન અરજી કોઈ ગુણદોષ ઉપરની નથી પરંતુ અરજદારના માતુશ્રીને માનસીક બીમારી હોય તેની વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાના હોય જેમાં અરજદારની હાજરીની જરુરી છે. હાલમાં અરજદારના માતુશ્રીની ટ્રીટમેન્ટ

ચાલુ છે પરંતુ તેની વધુ હાયર સેન્ટરમાં લઈ જવા તેવી સ્થીતીમાં એટલે કે, અમદાવાદ કે મુંબઈ અરજદારના પિતા મોટી ઉંમરના છે, ભાઈ બહેન નાના છે આવા સંજોગોમાં દિવસ ૩૦ માટે અરજાદરને જામીન મુકત કરવા અરજ છે જેથી અરજદાર તેની માતાની સારી ટ્રીટમેન્ટ કરાવી શકે.'' તેમ જણાવી વચગાળાના જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ :–** તપાસ કરનાર અમલદારે આંક–૬થી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં પેરા–૩૬ વિશેષ વિગતમાં બનાવ કઇ રીતે બન્યો વગેરેની વિગત રજુ કરેલી છે અને તે નીચે મુજબ છે.

''**૩.૧** આ કામના અરજદાર/આરોપીના માતૃશ્રી બીમાર હોય, તેમની સારવારમાં મદદરૂપ થવા સારૂ દિન – ૩૦ વચગાળાના જામીન મળવા સારૂ અરજી કરેલ છે પરંતુ અરજદાર/આરોપી આ ગુન્હાનો મુખ્ય આરોપી છે અને અરજદાર/આરોપીના પિતા તથા ઘરના બીજા સભ્યો પણ સારવાર કરાવી શકે તેમ છે તેમજ અરજદાર/આરોપી આ ગુન્હાના કામે જામીન ઉપર મુકત થયેલ તે બાદ ફરીથી પોતાની ગુનાહિત પ્રવૃતી ચાલુ રાખી ચાર (૪) ગુન્હાઓ કરેલ છે તેમજ અરજદાર/આરોપી વિરૂધ્ધમાં અગાઉ લુટ, મારા મારી, રાયોટીંગના ગુન્હાઓ દાખલ થયેલ છે તેમજ આ કામના અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો આ કામના ફરીયાદી તથા સાહેદો તથા પંચોને ધાક ધમકી આપી ફેરવી નાખવા કોશીષ કરશે તેમજ આ કામના અરજદાર/આરોપી અને ફરીયાદી તથા સાહેદો એક જ જ્ઞાતીના હોય, જેથી સામાજીક લેવલે ફરીયાદી ઉપર સમાધાન કરવા પણ દબાણ કરાવી શકે તેમજ આ ગંભીર ગુન્હામાં અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો સુલેહ ભંગ થવાની પુરી શક્યતા છે. આ કામના અરજદાર/આરોપી એકદમ જનુની અને તકરારી સ્વભાવના અને ક્રુર સ્વભાવના છે તેમજ ગુનાહિત ઈતીહાસ ધરાવે છે. જેથી અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આ કામના ફરીયાદી તથા સાહેદો સાથે ઝઘડો કરીને બીજો કોઇ ગંભીર શરીર સબંધી મોટો ગુન્હો કરી બેસે તેવી પણ પુરી શક્યતા હોય અને વચગાળાના જામીન ઉપર

મુકત થયા બાદ આ ગંભીર પ્રકારના ગુન્હામાં ફરાર થઇ જવાની પુરી શક્યતા હોય, જેથી આ કામના અરજદાર/આરોપીને દિન – ૩૦ ના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા અમારો સ્પષ્ટ અભિપ્રાય થતો નથી.''

## (૪) આરોપીના વિ. વકીલશ્રીની દલીલ :

**૪.૧** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોને મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિ. એ.પી.પી.શ્રીની દલીલ :

**૫.૧** વિ. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** આ કામમાં આરોપી સામે જુનાગઢ 'એ' ડીવીઝન પો. સ્ટે. ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૪૦૧૦૩૨/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૧, ૧૧૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૨:** આ કામમાં હાલના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૬૧(૧)(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ છે.

**:૩:** આરોપીએ તેમના માતાને માનસીક બીમારી હોય તે કારણોસર વચગાળાના જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**:૪:** અરજદારે જ અરજીમાં જણાવેલ છે કે, આ બાબતે તપાસ કરનાર અમલદારે આ અરજદારની માતાનું નિવેદન લીધેલ છે જેમાં નીચે મુજબની હકીકત આવે છે.

''રૂબરૂમાં પુછવાથી લખાવુ છું કે, હું ઉપરમાં જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને ઘરકામ કરુ છું. મારા પતિ અમીનભાઈ મુળીયા ગાંધી ચોકમાં ન્યુ સાગર ટ્રાવેલ્સ નામે

બુકીંગની ઓફિસ ચલાવે છે. મારે સંતાનમાં ત્રણ દિકરા તથા એક દિકરી છે અને સૌથી મોટો અયાન ઉર્ફે પાંચીયો છે, તેનાથી નાનો અરમાન ઉ.વ.૧૦ નો છે, જે નોબલ સ્કુલમાં ધોરણ નવમાં અભ્યાસ કરે છે, તેનાથી નાની દિકરી આયશા ઉ.વ.૧૯ ની છે, જે ઘરકામ કરે છે, જે ધોરણ સુધી ભણેલ છે, સૌથી નાનો દિકરો નવાજ ઉ.વ.૦૬ નો છે, મારા પતિને બે ભાઇઓ છે જેમાં મોટા મારા જેઠ ફારૂકભાઈ છે, જે પણ મારા પતિ સાથે ન્યુ સાગર ટ્રાવેલ્સની ઓફિસ ચલાવે છે અને તેઓ તેના પરીવાર સાથે ઝાલોરાપામાં ડાંગરા ચોકમાં રહે છે.

આજરોજ તમો પોલીસ મને મારો દિકરો અયાન ઉર્ફે પાંચીયો અમીનભાઈ મુળીયા 'એ' ડીવીઝન પો.સ્ટે.ના ગુનામાં જુનાગઢ જિલ્લા જેલમાં અંદર હોય અને તેના દિન–૩૦ ના વચગાળાના ટેમ્પરરી જામીન મળવા અરજી કરેલ હોય જે બાદ પુછતા લખાવુ છું કે,

મને આજથી એકાદ વર્ષ પહેલા મગજની બીમારી થતા મને કોઈ યાદ ન રહેતા અને મને સતત માનસીક તાણ રહેણા પ્રથમ જુનાગઢમાં પ્રાઈવેટ ડો. પ્રશાંત દઢાણીયા સાહેબ તથા મન હોસ્પીટલ ભાર્ગવ સાહેબની દવા ચાલુ કરેલ હતી. ત્યાર પછી વધુ સારવાર માટે રાજકોટના પ્રાઈવેટ ડો. ચેતન ડી. હાંસલીયા સાહેબની દવા લીધેલ હતી. ત્યારપછી ડીસેમ્બર ૨૦૨૫ થી ગોંડલના પ્રાઈવેટ ડો. ચિરાગ એમ. સાતા (એમ.ડી. સાયકાટ્રિક) સાહેબની દવા ચાલુ કરેલ છે અને હાલ તેની દવા ચાલુ છે અને છેલ્લે ગઈ તા. ૦૬–૦૩–૨૦૨૬ ના રોજ અમે ગોંડલ સાતા સાહેબને બતાવવા માટે ગયેલ ત્યારે ડોકટર સાહેબે મને દવા ચાલુ રાખવાની અને વધુ તપાસ માટે અમદાવાદ ખાતે રાજેશ રામ સાહેબના દવાખાને બતાવવા જવાની સલાહ આપેલ છે જેથી મારી સારવાર માટે મારા દિકરા અયાન ઉર્ફે પાંચીયા એ દિન–૩૦ ના ટેમ્પરરી જામીન મળવા માટે અરજી કરેલ છે.

એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે જે વાંચી, સમજી, સાંભળી આ નીચે મારી સહી કરી આપુ છું.''

**:૫:** આમ, અરજદારના માતાનું નિવેનદન જોતા અરજદારના માતાના પતિ એટલે કે, અરજદારના પિતા ન્યુ સાગર ટ્રાવેલ્સ નામે બુકીંગની ઓફિસ ચલાવે છે અને તેથી અરજદારના પિતા આ સારવાર માટે અરજદારની માતા સાથે જઈ શકે છે અને સારવાર કરાવી શકે છે અને રેકર્ડ ઉપર એવા સંજોગો નથી કે, આ આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે તોજ તેમની

માતાની સારવાર થઈ શકે તેમ છે તે સંજોગોમાં વચગાળાની જામીન અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

**(૧)** અરજદાર/આરોપી અયાન ઉર્ફે પાંચીયો અમીનભાઈ મુળીયાની હાલની વચગાળાની જામીન ઉપર મુકત થવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ:- આજ તા. ૧૨મી માહે. માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૨/૦૩/૨૦૨૬
સ્થળ: જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૪૬૯)